Indian Journal of Social Sciences and Literature Studies
Vol. 10, Issue 2, December 2024
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (online)

# સુરત જીલ્લામાં વન અધિકાર અધિનિયમ – ૨૦૦૬ નો એક અભ્યાસ

## (A Study of Forest Right Act - 2006 in Surat District)

**Dr.Dilip M Chaudhari**
Temporary Assistant Professor, Department of Economics, Veer Narmad South Gujarat, Surat.

**Dr.Yogesh N Vansiya**
Assistant Professor, Department of Economics, Veer Narmad South Gujarat, Surat.

### ટુંકસાર

આયોજનકાળ દરમિયાન ભારતમાં થયેલા વિકાસના લાભો અમુક વિસ્તારો, અમુક સમાજનાં લોકો સુધી પુરતા પ્રમાણમાં પહોચ્યાં નથી. ભારતમાં વસ્તીનાં અમુક જુથો સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને રાજકીય કારણોસર અન્ય પ્રજાની સરખામણીમાં ઘણી પછાત અવસ્થામાં છે. વર્તમાન સમયમાં ગુજરાત રાજ્ય એ ભારતમાં એક વિકસિત રાજ્ય તરીકે ઉભરી આવ્યું છે. પરંતુ ગુજરાતના વિકાસમાં ઘણી વિષમતાઓ દૃશ્યમાન થાય છે. પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાતના આદિવાસી વિસ્તારમાં વિકાસનું સ્વરૂપ અને તીવ્રતા જાણવાનો પ્રયાસ કર્યો છે. ખાસ કરીને વન અધિકાર અધિનિયમ - ૨૦૦૬ના કાયદા સંદર્ભે ગુજરાતના આદિવાસી વિસ્તારની શું પરિસ્થિતિ છે ? તે જાણવા માટે આદિવાસી વિસ્તારોમાંથી સુરત જિલ્લો અભ્યાસ માટે પસંદ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત અભ્યાસમાં વન અધિકાર અધિનિયમ - ૨૦૦૬ના કાયદાનો પરિચય અને તેના લાભો સંદર્ભ ગુજરાત અને સુરત જિલ્લામાં શુ ? સ્થિતિ છે ? પ્રસ્તુત અભ્યાસમાં ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે જ્યાં ખાસ કરીને રાજ્ય સરકારની જુદી જુદી કચેરીએથી પ્રાપ્ત માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત સંશોધન પેપરમાં શરૂઆતમાં સંશોધન પદ્ધતિ, બીજા ભાગમાં સુરત જિલ્લાનો પરિચય અને ત્રીજા ભાગમાં વન અધિકાર અધિનિયમ - ૨૦૦૬ ગુજરાત અને સુરતમાં શું સ્થિતિ છે જે અંગે વિસ્તૃત અભ્યાસ કરવામાં આવ્યો છે.

**Key Words:** વન અધિકાર અધિનિયમ, સુરત જિલ્લો

**૧.૧ પ્રસ્તાવના :**

ભારતમાં પંજાબ, હરિયાણા, દિલ્હી, સિવાયના રાજ્યોમાં વત્તાઓછા અંશે આદિવાસીઓ વસવાટ કરે છે. આઝાદીના સાત દાયકાઓ વીતી ગયા છતાં ભારતનો આદિવાસી સમાજ આજે પણ શિક્ષણ, સ્વાસ્થય, પીવાના પાણી, રહેઠાણ, રોજગારી વગેરે સુવિધાઓથી વંચિત જોવા મળે છે. દેશ આઝાદ થયો તે પહેલાં સમાજનાં આવા નબળા વર્ગોમાં આદિવાસીઓના વિકાસ માટે દેશનાં અગ્રણીઓ, સામાજિક કાર્યકરો અને તેના આધારે કેટલાક કાર્યકમો હાથ ધરાયા હતા.અને આઝાદી પછી પણ મોટા પાયા પર આદિવાસી વિકાસ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે, જેમાં વન અધિકાર અધિનિયમ – ૨૦૦૬ એ નોંધનીય છે.

**૧.૨ અભ્યાસની પસંદગી:**

વર્તમાન સમયમાં ગુજરાત રાજ્ય એ ભારતમાં એક વિકસિત રાજ્ય તરીકે ઉભરી આવ્યું છે. પરંતુ ગુજરાતના વિકાસમાં ઘણી વિષમતાઓ દૃશ્યમાન થાય છે. ગુજરાતનો પ્રાદેશિક અભ્યાસ એ વાતની પ્રતીતિ કરાવે છે. પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાતના આદિવાસી વિસ્તારમાં વિકાસનું સ્વરૂપ અને તીવ્રતા જાણવાનો પ્રયાસ કર્યો છે. ખાસ કરીને વન અધિકાર અધિનિયમ - ૨૦૦૬ના કાયદા સંદર્ભેમાં ગુજરાત અને ગુજરાત ના વિવિધ જિલ્લાઓમાં સુરતના આદિવાસી વિસ્તારની શું પરિસ્થિતિ છે ? તે જાણવા સુરત જિલ્લાને પસંદ કરવામાં આવ્યો છે, જ્યાં તેના વિવિધ તાલુકામાં માંડવી, ઉમરપાડા, માંગરોળ, મહુવા, જેવા મોટાભાગની વસ્તી આદિવાસીઓની છે, સરકારના ગરીબી અને બેરોજગારી નિવારવા માટેના જુદા જુદા કાર્યક્રમોમાં વન અધિકાર અધિનિયમ - ૨૦૦૬ની ભુમિકા શુ રહી છે ? તેનો જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

**૧.3 અભ્યાસના હેતુઓ:**

પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાત અને સુરત જિલ્લામાં વન અધિકાર અધિનિયમ – ૨૦૦૬ના કાયદાના અમલીકરણની સ્થિતિનો અભ્યાસ કરવો, તેમ જ ગુજરાતના જિલ્લાના પ્રમાણે મળેલ દાવા, આપેલ આદેશપત્ર અને મંજુર જમીનનું પ્રમાણ ચકાસવુ તેમ જ મંજુર જમીન જમીન સંદર્ભ વ્યક્તિગત અને સામુદાયિક ટકાવારી ક્રમાંક વચ્ચે સહસબંધ તપાસવાનો મુખ્ય હેતુ છે.

**૧.૪ માહિતી એકત્રીકરણ અને પૃથ્થકરણ**

પ્રસ્તુત અભ્યાસ ગૌણ માહિતી આધારિત છે. મોટા ભાગની માહિતી માટે રાજ્ય સરકારની જુદી જુદી કચેરી અને ભારત સરકારની વેબસાઇટ પરથી પ્રાપ્ત માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.પ્રસ્તૃત અભ્યાસમાં આંકડાશાસ્ત્રની ટકાવારી પધ્ધતિ, આલેખ, ક્રમાંક સહસબંધાક જેવી ગણતરી દ્વારા અભ્યાસના હેતુઓ ચકાસવામાં આવ્યા છે.

## ભાગ - ૨

### ૨.૧ સુરત જિલ્લાની સામાજિક - આર્થિક રૂપરેખા

### ૨.૧.૧ જિલ્લાનું સ્થાન અને ભૌગોલિક પરિસ્થિતિ :

સુરત જિલ્લાની પુર્વમાં નવરચિત તાપી જિલ્લો તથા મહારાષ્ટ્ર રાજ્યનો ખાનદેશ અને નાસિક જિલ્લો અને ગુજરાત રાજ્યની દક્ષિણે ઉ.અ. ૨૦.૧૭ - ૨૧.૫૮ પુ.રે ૭૨.૪૯ - ૭૩.૭૧ ઉપર સુરત જિલ્લો આવેલ છે. તેની ઉત્તરે ભરૂચ જિલ્લો પશ્ચિમે અરબી સમુદ્ર દક્ષિણે નવસારી, વલસાડ જિલ્લો આવેલ છે.

### ૨.૧.૨ જંગલો

સુરત જિલ્લામાં બારડોલી, કામરેજ, ઓલપાડ, ચૌર્યાસી, અને પલસાણા તાલુકા સિવાય બધા તાલુકાઓમાં ઓછાવત્તા પ્રમાણમાં જંગલો છે. જિલ્લામાં સુકું અને ક્રમે ક્રમે પાંખુ થતુ જંગલ માંડવી, માંગરોળ, અને ઉમરપાડા તાલુકામાં આવેલ છે. જંગલોમાં મુખ્યત્વે સાગ અને વાંસ, બીડી વાળવાના પાન, ગુંદર અને મહુડાનાં ફુલો અને ફળો જંગલની અન્ય પેદાશ છે.

### ૨.૧.૩ વસ્તી અને વિસ્તાર

સને ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે સુરત જિલ્લાની કુલ વસ્તી ૬૦૮૧૩૨૨ છે. સુરત જિલ્લાનો કુલ વિસ્તાર ૪૫૪૯.૦૦ ચો.કીમી છે, વસ્તીની ગીચતા દષ્ટિએ જોઇએ તો સુરત જિલ્લામાં દર ચોકિમી એ ૧૩૩૭ માણસોની છે. જે પૈકી સાક્ષરતાનું પ્રમાણ ૮૫.૫૩ % છે, દર હજાર પુરૂષોએ સ્ત્રીઓની સંખ્યા ૭૮૭ ની છે. જે સ્થળાંતરીત પુરૂષ કામદારોને કારણે રહેવા પામેલ છે. જિલ્લાની કુલ વસતિનાં ૭૦ ટકાથી વધુ વસતિ શહેરી વિસ્તારોમાં વસવાટ કરે છે.

### ૨.૧.૩ પાક

સુરત જિલ્લામાં ઉકાઇ - કાકરાપાર સિંચાઇ પ્રોજેક્ટ અને ૧૯૭૨ થી કાર્યરત છે. જેના આધારિત સુરત જિલ્લામાં ખેતીક્ષેત્રે મુખ્યત્વે શેરડી, ડાંગર, કેળ, શાકભાજી તથા અન્ય રવિ તથા ઉનાળુ પાકો સારા પ્રમાણમાં થાય છે. સુરત જિલ્લામાં ૬ સુગર ફેકટરી ચાલે છે. આ સુગર ફેકટરી શેરડીના પાક ઉપર આધારિત છે. તેના દ્વારા સારા પ્રમાણમાં રોજગારી અને ઉત્પાદન કરવામાં આવે છે.

### ૨.૧.૪ જિલ્લામાં પિયતની સગવડ

સુરત જિલ્લામાં ઉકાઇ, કાકરાપાર મોટા કદની સિંચાઇ યોજના આવેલી છે. આ ઉપરાંત નાની સિંચાઇ યોજનાઓ, લિફ્ટ ઇરેગેશન, કુવા, નદી, કોતર, તળાવ, વગેરેનો ઉપયોગ કરી પિયતની ખેતી કરવામાં આવે છે. ટપક સિંચાઇ પધ્ધતિનો વ્યાપ વધારવામાં આવે રહેલ છે.

### ૨.૧.૫ સુરત જિલ્લામાં તાલુકાવાર જાતિવાર ગ્રામ્ય શહેરી અને કુલ વસતિ

કોષ્ટક નં ૧.૧ સુરત જિલ્લામાં તાલુકાવાર જાતિવાર ગ્રામ્ય શહેરી અને કુલ વસતિનું પ્રમાણ

| અ.ન | તાલુકાનું નામ | કુલ વસ્તી | | | અનુ.જાતિની વસતિ | | | અનુ.જનજાતિની વસ્તી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ગ્રામ્ય | શહેરી | કુલ | ગ્રામ્ય | શહેરી | કુલ | ગ્રામ્ય | શહેરી | કુલ |
| ૧ | ઓલપાડ | ૧૬૨૮૮૪ | ૩૩૯૬૨ | ૧૯૬૮૪૬ | ૬૬૪૮ | ૨૩૦૯ | ૮૯૫૭ | ૪૪૩૬૧ | ૩૭૩૨ | ૪૮૦૯૩ |
| ૨ | માંગરોલ | ૧૬૩૫૯૮ | ૪૫૪૫૬ | ૨૦૯૦૫૪ | ૬૧૬૬ | ૩૫૩૦ | ૯૬૯૬ | ૮૯૧૩૩ | ૬૩૯૯ | ૯૫૫૩૨ |
| ૩ | ઉમરપાડા | ૮૩૭૨૩ | ૦ | ૮૩૭૨૩ | ૧૦૧ | ૦ | ૧૦૧ | ૮૦૯૮૮ | ૦ | ૮૦૯૮૬ |
| ૪ | કામરેજ | ૧૭૮૪૧૭ | ૬૧૩૭ | ૧૮૪૫૫૪ | ૯૫૦૯ | ૪૦૨ | ૯૯૧૧ | ૫૭૯૦૦ | ૬૧૯ | ૫૮૫૧૯ |
| ૫ | ચૌર્યાસી | ૮૬૨૨૫ | ૧૪૩૦૫૨ | ૨૨૯૨૭૭ | ૨૬૦૨ | ૨૭૫૯ | ૫૩૬૧ | ૧૮૨૬૧ | ૧૨૩૩૨ | ૩૦૫૯૩ |
| ૬ | પલસાણા | ૮૬૮૮૮ | ૫૮૧૬૪ | ૧૪૫૦૫૨ | ૪૦૮૪ | ૧૩૦૪ | ૫૩૮૮ | ૩૯૩૫૭ | ૨૧૨૩ | ૪૧૪૮૦ |
| ૭ | બારડોલી | ૧૪૭૭૩૫ | ૭૬૪૩૧ | ૨૨૪૧૬૪ | ૫૬૪૨ | ૩૪૦૫ | ૯૦૪૭ | ૯૦૫૫૭ | ૧૦૮૭૫ | ૧૦૧૪૩૨ |
| ૮ | મહુવા | ૧૭૭૭૩૫ | ૦ | ૧૪૪૯૦૬ | ૨૧૭૪ | ૦ | ૨૧૭૪ | ૧૧૭૬૭૫ | ૦ | ૧૧૭૬૭૫ |
| ૯ | માંડવી | ૧૨૩૨૧૦૯ | ૧૮૨૧૪ | ૧૯૫૩૪૯ | ૧૭૧૪ | ૧૯૪ | ૧૯૦૮ | ૧૪૫૧૮૩ | ૫૮૩૭ | ૧૫૧૦૨૦ |
| | કુલ | ૦ | ૩૮૧૪૧૬ | ૧૬૧૩૫૨૫ | ૩૮૬૪૦ | ૧૩૯૦૩ | ૫૨૫૪૩ | ૬૮૩૪૧૩ | ૪૧૯૧૭ | ૭૨૫૩૩૦ |
| ૧૦ | સુરત સિટી | ૦ | ૪૪૬૭૭૯૭ | ૪૪૬૭૭૯૭ | ૦ | ૧૦૫૫૭૨ | ૧૦૫૫૭૨ | ૦ | ૧૩૧૬૨૨ | ૧૩૧૬૨૨ |
| સુરતજિલ્લાનું કુલ | | ૧૨૩૨૧૦૯ | ૪૮૪૯૨૧૩ | ૬૦૮૧૩૨૨ | ૩૮૬૪૦ | ૧૧૯૪૭૫ | ૧૫૮૧૧૫ | ૬૮૩૪૧૩ | ૧૭૩૫૩૯ | ૮૫૬૯૫૨ |

Source : વસ્તી ગણતરી પુસ્તીકા : ૨૦૧૧

## ભાગ - 3

### ૩.૧ વન અધિકાર અધિનિયમ – ૨૦૦૬ : પરિચય

વન અને વન્ય પેદાશો તેના જીવનનું અવિભાજ્ય અંગ છે. આદિવાસી વનનું જતન કરે છે. સંરક્ષણ કરે છે. આદિવાસીની આજીવિકા વન આધારિત છે, તેનુ જીવન નિર્વાહ વન અને વન્ય પેદાશો આધારિત છે. આદિવાસીનો વન અને વન્ય પેદાશો ઉપર અધિકાર છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખી, વનવાસીના વન ઉપરના અધિકારોને કાયદાકિય રીતે સ્વીકારવા, તેની સરકારી રેકોર્ડમાં નોંધ લેવા અને તેના અધિકારો નિયમિત કરવા બાબતે વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ અમલી કરવામાં આવ્યો છે. આમ પેઢિઓથી પરંપરાગત રીતે વન જમીન ખેડતા અને તેનો કબ્જો ધરાવતા હોય તેવા અધિકારો નિયમિત કરવા જોગવાઇ કરવામાં આવી છે.

આ અધિનિયમ સંદર્ભે વિચારણા તા. ૧૩/૧૨/૨૦૦૫ ના રોજ થયેલ હતી, અને તે બાદ, તા. ૨૯/૧૨/૨૦૦૬ થી ભારત સરકારના કાયદા અને ન્યાયતંત્રના જાહેરનામા થી આ અધિનિયમ જાહેર કરવામાં આવ્યો. ભારત સરકારના આદિજાતિ બાબતોના મંત્રાલય દ્વારા તા. ૦૧/૦૧/૨૦૦૮ના રોજ અધિનિયમ હેઠળના નિયમો જાહેર કરવામાં આવતાં આ અધિનિયમ હેઠળ અમલવારી શરુ થઇ, તે પછી તા. ૧૨/૦૭/૨૦૧૨ના રોજ આ અંગેની કેટલીક માર્ગદર્શક સુચાનાઓ જાહેર કરવામાં આવી અને તા. ૦૬/૦૯/૨૦૧૨ના રોજ આ અધિનિયમ હેઠળ સુધારેલા નિયમો જાહેર કરવામાં આવ્યા.

આ અધિનિયમ હેઠળ મુખ્યત્વે ત્રણ પ્રકારના અધિકારો નિહિત કરવામાં આવ્યા છે.

(૧) રહેણાંક અને ખેડાણ હેઠળની વન જમીનના વ્યક્તિગત અધિકારો
(૨) ગામની હદની અંદર કે બહાર પરંપરાગત રીતે એકઠી કરતા હોય તેવી ગૌણ વન પેદાશોની માલિકી તેના વપરાશ કે નિકાલ કરવાના સામુદાયિક અધિકારો કે જેમાં માછલાં કે જળાશયોની અન્ય પેદાશો, ચરિયાળ, વગેરેનો સમાવેશ થાય છે.
(3) સરકાર દ્વારા સંચાલિત અને વનવાસી સમુદાયને ઉપયોગી માળખાકિય સુવિધાઓ જેવીકે, દવાખાનું, આંગણવાડીઓ, વ્યાજબી ભાવની દુકાનો, વિજ સંચારની લાઇન, ટાંકી અને જળાશયો, પીવાના પાણી માટેની પાઇપલાઇન, નાની સિંચાઇ માટે નહેરો, ઉર્જાના બિનપરંપરાગત સ્રોત, કૌશલ્યવર્ધક તાલીમ કેન્દ્રો, માર્ગો, સમુદાય કેન્દ્રોનો સમાવેશ થાય છે.

વ્યક્તિગત દાવા સંદર્ભે વધુમાં વધુ ૪ હેકટર એટલે કે ૧૦ એકર જમીનના અધિકારો આપી શકાય છે, જ્યારે સામુદાયિક અધિકારો હેઠળ વન્ય પેદાશો એકત્રીત કરવા કે ધાર્મિક સામાજીક કારણોસર વનમાં પ્રવેશના અધિકારો

માન્ય કરવામાં આવે છે. માળખાકિય સુવિધાઓ હેઠળ પ્રતિ સુવિધા, વધુમાં વધું ૧ હેકટર જમીન ફાળવી શકાય છે. આ અધિનિયમ ફક્ત અનુસુચિત જનજાતિ અને ત્રણ પેઢી (૭૫ વર્ષ) થી વનમાં રહેતા કે વન્ય પેદાશોમાંથી જીવન નિર્વાહ મેળવતા અન્ય પરંપરાગત વનવાસીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ અધિનિયમ હેઠળ કાર્યવાહીની શરુઆત ગ્રામસભા સ્તરે થાય છે. ગ્રામસભાને આ અધિકારો માટે દાવા સ્વિકારવાની સત્તા આપવામાં આવી છે. ગ્રામસભા દ્વારા પૂખ્તવયના મતદારો પૈકી ૧૫ સભ્યોની ગ્રામ સ્તરિય વન અધિકાર સમિતિની રચના કરવામાં આવે છે. આ સમિતી જે તે દાવા સ્વિકારી, પૂરાવા સાથે સ્થળ તપાસ કરી, અહેવાલ ગ્રામસભાને રજુ કરે છે. ગ્રામસભા તે સંદર્ભે દાવાની પાત્રતા અંગે ઠરાવ કરી દાવા પેટાસ્તરિય વન અધિકાર સમિતીને રજુ કરે છે. પેટાસ્તરિય વન અધિકાર સમિતી દાવા અને રજુ કરેલ પૂરાવા તપાસી દાવા માન્ય કરવા યોગ્ય છે કે કેમ તે માટે આખરી નિર્ણય માટે કલેકટરશ્રીના અધ્યક્ષપદે રચાયેલ જીલ્લા સ્તરિય વન અધિકાર સમિતીને રજુ કરે છે. દાવા માન્ય કે અમાન્ય કરવા સંદર્ભે જીલ્લા સ્તરિય વન અધિકાર સમિતીને આખરી સત્તાઓ આપવામાં આવી છે. આ તમામ પ્રક્રીયા સાથે સંકળાયેલ ત્રીસ્તરિય સમિતિઓમાં જન-પ્રતિનિધીઓ જોડાયેલા છે. ગ્રામ સ્તરિય વન અધિકાર સમિતી ગ્રામસભાના સભ્યોથી બનેલી છે. પેટાસ્તરિય સ્તરિય વન અધિકાર સમિતીમાં જેતે સમુદાયના તાલુકા પંચાયતના ચુંટાયેલા ત્રણ સભ્યો તેમજ જીલ્લા સ્તરિય વન અધિકાર સમિતીમાં જીલ્લા પંચાયતના ચુંટાયેલા ત્રણ સભ્યોનો સમાવેશ કરવામાં આવે છે. આમ, દાવા સ્વીકારવા, તપાસવા અને નિર્ણયની તમામ પ્રક્રીયા જનતાંત્રીક ધોરણે કરવામાં આવે છે. ઉપર જણાવ્યું તેમ, આ અધિનિયમ હેઠળ નિયમો તા.૦૧/૦૧/૨૦૦૮થી અમલમાં આવ્યાથી રાજ્યમાં વન અધિકાર અધિનિયમની અમલવારી શરુ કરવામાં આવી.

## ૩.૨ ગુજરાતમાં વન અધિકાર અધિનિયમ - ૨૦૦૬ની અમલવારી સ્થિતિ

કોષ્ટક નં 3.1 ગુજરાતમાં જુદા જુદા જિલ્લાવાર વન અધિકાર અધિનિયમ - ૨૦૦૬ના અમલીકરણની સ્થિતિ

| અ. નં | જિલ્લાનું નામ | મળેલ દાવા | | | આપેલ આદેશપત્ર | | | મંજુર જમીન (એકરમાં) | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | વ્યક્તિગત | સામુદાયિક | કુલ | વ્યક્તિગત | સામુદાયિક | કુલ | વ્યક્તિગત | સામુદાયિક | કુલ |
| ૧ | બનાસકાંઠા | ૯૪૮૮ | ૭૮૪ | ૧૦૨૭૨ | ૬૬૧૧ | ૫૯૫ | ૭૨૦૬ | ૮૯૫૨ | ૧૯૪૧૭૨ | ૨૦૩૧૨૪ |
| ૨ | સાબરકાંઠા | ૧૧૯૨૮ | ૫૨૭ | ૧૨૪૫૫ | ૨૬૧૯ | ૨૮ | ૨૬૪૭ | ૩૦૮૧ | ૨૬૯૬૫ | ૩૦૦૪૬ |
| ૩ | અરવલ્લી | ૭૬૯૭ | ૪૨૬ | ૮૧૨૩ | ૪૦૮૯ | ૧૫૩ | ૪૨૪૨ | ૬૨૬૮ | ૭૦૪૭૪ | ૭૬૭૪૨ |
| ૪ | પંચમહાલ | ૧૧૬૭૨ | ૧૭૦ | ૧૧૮૪૨ | ૨૬૦૮ | ૧૧૭ | ૨૭૨૫ | ૯૩૨૭ | ૭૧૬૬૭ | ૮૦૯૯૪ |
| ૫ | મહીસાગર | ૧૧૯૯૪ | ૪૬૯ | ૧૨૪૬૩ | ૩૯૫૦ | ૧૧૦ | ૪૦૬૦ | ૩૨૦૦ | ૫૩૭૦૮ | ૫૬૯૦૮ |
| ૬ | દાહોદ | ૨૦૧૫૦ | ૬૫૧ | ૨૦૮૦૧ | ૩૪૫૩ | ૮૯ | ૩૫૪૨ | ૫૪૬૫ | ૧૫૬૩૩ | ૨૧૦૯૮ |
| ૭ | છોટા ઉદેપુર | ૧૭૫૫૭ | ૩૭૭ | ૧૭૯૩૪ | ૬૬૬૭ | ૧૦૭ | ૬૭૭૪ | ૧૦૨૬૮ | ૬૨૩૭૫ | ૭૨૬૪૩ |
| ૮ | નર્મદા | ૧૭૭૮૩ | ૨૭૩ | ૧૮૦૫૬ | ૮૫૭૬ | ૧૯૬ | ૮૭૭૨ | ૨૪૧૮૧ | ૧૬૬૧૨૫ | ૧૯૦૩૦૬ |
| ૯ | ભરૂચ | ૪૦૭૬ | ૧૪૩ | ૪૨૧૯ | ૨૦૩૪ | ૧૩૧ | ૨૧૬૫ | ૪૯૮૪ | ૧૩૮૬૮ | ૧૮૮૫૨ |
| ૧૦ | સુરત | ૭૭૪૭ | ૧૨૭૫ | ૯૦૨૨ | ૪૦૭૨ | ૮૫૬ | ૪૯૨૮ | ૬૫૪૮ | ૪૭૬૪૯ | ૫૪૧૯૭ |
| ૧૧ | તાપી | ૧૧૯૪૭ | ૫૦૬ | ૧૨૪૫૩ | ૫૨૯૫ | ૫૦૬ | ૫૮૦૧ | ૧૩૨૩૯ | ૧૨૪૧૬૨ | ૧૩૭૪૦૧ |
| ૧૨ | ડાંગ | ૭૩૪૧ | ૬૨૯ | ૭૯૭૦ | ૩૧૫૭ | ૨૫૮ | ૩૪૧૫ | ૯૧૮૭ | ૫૦૯૪૬ | ૬૦૧૩૩ |
| ૧૩ | નવસારી | ૯૩૨૨ | ૭૦૦ | ૧૦૦૨૨ | ૩૯૪૨ | ૧૧૭ | ૪૦૫૯ | ૪૦૯૧ | ૭૬૮૪૨ | ૮૦૯૩૩ |
| ૧૪ | વલસાડ | ૩૪૧૬૭ | ૨૫૭ | ૩૪૪૨૪ | ૨૬૬૯૭ | ૨૫૭ | ૨૬૯૫૪ | ૨૦૮૧૨ | ૧૮૬૨૭૩ | ૨૦૭૦૮૫ |
| | કુલ | ૧૮૨૮૬૯ | ૭૧૮૭ | ૧૯૦૦૫૬ | ૮૩૭૭૦ | ૩૫૧૬ | ૨૭૨૮૬ | ૧૨૯૬૦૪ | ૧૧૬૦૮૫૭ | ૧૨૯૦૪૬૧ |

Source : સપ્ટેમબર, ૨૦૧૮ કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગર (એફઆરએ સેલ)

ઉપરોક્ત કોષ્ટક નં. ૨ જોતાં જણાય છે કે ગુજરાતમાં વન અધિકાર અધિનિયમ - ૨૦૦૬ સંદર્ભ મળેલ કુલ દાવા ૧૮૨૮૬૯ વ્યક્તિગત દાવાઓ મળેલ છે. જે પૈકી અત્યાર સુધીમાં ૮૪૪૪૧ દાવાઓ મંજુર કરવામાં આવેલ છે. વ્યક્તિગત દાવાઓના સંદર્ભ મળેલ કુલ દાવાઓ પૈકી કુલ ૩૪૧૬૭ દાવા વલસાડ જિલ્લો પ્રથમ સ્થાને છે. જે ઉપરના કોષ્ટકમાં જોવા મળે છે. તેમ જ ગુજરતમાં સુરત જિલ્લાને જોતા જણાય છે કે જિલ્લામાં વ્યક્તિગત દાવાઓ મળેલ કુલ દાવાઓ ૭૭૪૭ દાવાઓ અને મંજુર દાવાઓ ૪૦૭૨ છે. જે ગુજરાત રાજ્યમાં અન્ય જિલ્લાઓની તુલનામાં ખુબ જ નીચુ પરિણામ જોવા મળે છે.

સામુદાયિક દાવાઓના સંદર્ભમાં જોવામાં આવે તો ગુજરાતમાં મળેલ કુલ દાવાઓ ૭૧૮૭ સામુદયિક દાવાઓ મળેલ છે. જે પૈકી અત્યાર સુધીમાં ૪૬૫૯ સામુદાયિક દાવાઓ મંજુર કરવામાં આવેલ છે. સામુદાયિક દાવાઓના સંદર્ભમાં કુલ દાવાઓ પૈકી ૧૨૭૫ દાવા સુરત જિલ્લા પ્રથમ સ્થાને છે. સુરત જિલ્લાને જોતા જણાય છે કે જિલ્લામાં સામુદાયિક દાવાઓ મળેલ કુલ દાવાઓ ૧૨૭૫ દાવાઓ અને મંજુર દાવાઓ ૮૫૬ છે. જે ગુજરાત રાજ્યમાં અન્ય જિલ્લાઓની તુલનામાં સારૂ પરિણામ જોવા મળેલ છે.

### ૩.૩ વન અધિકાર નિયમ -૨૦૦૬ હેઠળ મંજુર થયેલ વ્યક્તિગત અને સામુદાયિક જમીન વચ્ચે સહસબંધાંક

પ્રસ્તુત અભ્યાસમાં વન અધિકાર અધિનિયમ - ૨૦૦૬ના અમલીકરણની સ્થિતિના અભ્યાસ દરમિયાન, ગુજરાતના વિવિધ જિલ્લા દ્વારા જુદા જુદા વ્યક્તિગત અને સામુદાયિક મંજુર જમીન વચ્ચે કેવા સબંધો છે તે તપાસવા માટે પ્રસ્તુત અભ્યાસમાં સ્પીઅરમેનનો ક્રમાંક સહસબંધાંકનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે સંદર્ભે નીચે મુજબનું પરિણામ પ્રાપ્ત થયું છે.

| સહસંબંધ **(Correlations)** | | | |
|---|---|---|---|
| સ્પીઅરમેન સહસબંધાંક (Spearman's rho) | | વન અધિકાર નિયમ -૨૦૦૬ હેઠળ મંજુર થયેલ વ્યક્તિગત જમીન | વન અધિકાર નિયમ -૨૦૦૬ હેઠળ મંજુર થયેલ સામુદાયિક જમીન |
| વન અધિકાર નિયમ -૨૦૦૬ હેઠળ મંજુર થયેલ વ્યક્તિગત જમીન | સહસંબંધ ગુણાંક (Correlation Coefficient) | ૧.૦૦૦ | .૬૧૮* |
| | સાર્થકતા (Sig. (2-tailed)) | . | .૦૧૯ |
| | કુલ પ્રાપ્તાંક (N) | ૧૪ | ૧૪ |
| વન અધિકાર નિયમ -૨૦૦૬ હેઠળ મંજુર થયેલ સામુદાયિક જમીન | સહસંબંધ ગુણાંક (Correlation Coefficient) | .૬૧૮* | ૧.૦૦૦ |
| | સાર્થકતા (Sig. (2-tailed)) | .૦૧૯ | . |
| | કુલ પ્રાપ્તાંક (N) | ૧૪ | ૧૪ |
| *. Correlation is significant at the 0.05 level (2-tailed). | | | |

ઉપરોક્ત કોષ્ટકનો અભ્યાસ કરતા જણાય છે કે સ્પીઅરમેન સહસબંધાંકનું મુલ્ય ૦.૬૧૮ જેટલું પ્રાપ્ત થયુ છે અને સાર્થકતાનું મુલ્ય ૦.૦૧૯ જેટલું પ્રાપ્ત થયું છે, જે ૦.૦૦૧ અને ૦.૦૦૫ કરતા વધુ છે, જે દર્શાવે છે કે અત્રે નીરકારણીય પરિકલ્પનાનો અસ્વીકાર થતો નથી. એટલે વન અધિકાર નિયમ -૨૦૦૬ હેઠળ મંજુર થયેલ વ્યક્તિગત જમીન અને વન અધિકાર નિયમ -૨૦૦૬ હેઠળ મંજુર થયેલ સામુદાયિક જમીન વચ્ચે આંશિક ધન સુરેખ સહસબંધ જોવા મળે છે.

**તારણો :**

- ભારતમાં જુદા જુદા રાજ્યવાર વન અધિકાર અધિનિયમ - ૨૦૦૬ના અમલીકરણની સ્થિતિ જોતા જણાય છે કે વ્યક્તિગત દાવાઓના સંદર્ભમાં મળેલ દાવાઓમાં દેશમાં કુલ ૪૦૫૪૧૨૧ છે. તેની સામે મંજુર દાવાઓ ૧૭૯૬૭૫૫ દાવાઓ દેશમાં મંજુર થયેલ જોવા મળે છે. જેમાં સૌથી વધુ પ્રમાણ વ્યક્તિગત દાવાઓ છ્ત્તીસગઢ ૮૫૬૧૫૦ મળેલ છે. જેમાં મંજુર વ્યક્તિગત દાવાઓ ૩૯૮૧૮૧ દાવાઓ મંજુર થયેલ છે. તેમ જ સૌથી ઓછા પ્રમાણમાં વ્યક્તિગત દાવાઓ હિમાચલ પ્રદેશ ૨૦૫૩ દાવાઓ મળેલ છે. જેમાં મંજુર દાવાઓ ૧૨૯ દાવાઓ મંજુર થયેલ જોવા મળે છે.
- રાજ્યમાં વ્યક્તિગત દાવા હેઠળ મંજુર જમીન પૈકી ૫૦ ટકાથી વધુ પ્રમાણ વડોદરા, નર્મદા, વલસાડ, તથા તાપી જેવા ચાર જિલ્લાઓનો છે, જ્યારે બાકીના તમામ જિલ્લા ૫૦ ટકાથી ઓછુ પ્રમાણ ધરાવે છે, જે પૈકી સુરત જિલ્લામાં (માત્ર ૫.૦૫ ટકા) હિસ્સો ધરાવે છે.
- સામુદાયિક દાવાઓના સંદર્ભમાં કુલ જમીનનો ૬૦ ટકા જેટલું પ્રમાણ માત્ર ચાર જિલ્લાઓ ( બનાસકાંઠા, નર્મદા, તાપી, અને વલસાડ ) ધરાવે છે. જ્યારે બાકીનાં અન્ય જિલ્લાઓ માત્ર ૪૦ ટકા હિસ્સો ધરાવે છે, જ્યારે સુરત જિલ્લામાં સામુદાયિક દાવા હેઠળ કુલ મંજુર જમીન ( માત્ર ૪.૧૦ ટકા ) જેટલું પ્રમાણ જોવા મળે છે.
- વન અધિકાર અધિનિયમ - ૨૦૦૬ની અમલવારી સ્થિતિ રાજ્યના જિલ્લાઓના ક્રમ આપતા જોવા મળે છે કે વ્યક્તિગત દાવાઓના સંદર્ભમાં સૌથી વધુ જમીન ફાળવેલ જિલ્લા નર્મદામાં જોવા મળે છે, સૌથી ઓછી કામગીરી વ્યક્તિગત દાવાઓના સંદર્ભમાં મંજુર જમીનની ફાળવણી સાબરકાંઠા જિલ્લામાં જોવા મળે છે, સુરત જિલ્લામાં જોઇએ તો વ્યક્તિગત દાવાઓના સંદર્ભમાં મંજુર જમીન ( માત્ર ૪.૮૯ ટકા) જોવા મળે છે. જે અન્ય જિલ્લાઓની સરખામણીમાં ખુબ જ ઓછુ જોવા મળે છે.
- સામુદાયિક દાવાઓની સ્થિતિ તપાસતા જોવા મળે છે કે મંજુર જમીન પૈકી સૌથી વધુ જમીનની ફાળવણીમાં પ્રથમ ક્રમે બનાસકાંઠા જિલ્લા અને સૌથી ઓછી જમીન ફાળવેલ ૧૪ માં ક્રમે ભરૂચ જિલ્લો જોવા મળે છે. સામુદાયિક દાવાઓના સંદર્ભમાં સુરત જિલ્લાનો ક્રમ ૧૧ મો જોવા મળે છે.

**ઉપસંહાર** :

પ્રસ્તૃત અભ્યાસ ભારત અને ગુજરાતના આદિવાસી વિસ્તારના ૧૪ જિલ્લાઓમાં વન અધિકાર અધિનિયમ - ૨૦૦૬ સંદર્ભમાં રહેલ છે. વન અધિકાર અધિનિયમ - ૨૦૦૬ અંતર્ગત આદિવાસીઓને મુખ્યત્વે ત્રણ પ્રકારના અધિકારો આપવામાં આવે છે, જેમાં વ્યક્તિગત અધિકારો, સામુદાયિક અધિકારો, માળખાગત અધિકારો આપવામાં આવે છે.

અભ્યાસ પરથી રાજ્યના વ્યક્તિગત દાવાઓ સંદર્ભમાં આદિવાસીઓની આર્થિક - સામાજિક વિકાસ માટે વન અધિકાર અધિનિયમ - ૨૦૦૬ કેટલા પ્રમાણમાં અસરકારક બનશે. તે મંજુર દાવાદીઠ માન્ય થયેલ જમીનના પ્રમાણના આધારે વધુ ચોક્કસપણે કહી શકાય, જે પ્રસ્તુત અભ્યાસમાં જોવા મળેલ છે કે સુરતમાં વ્યક્તિ દાવાઓ કુલ ૭૭૪૭ દાવાઓ મળેલ છે અને મંજુર દાવાઓ ૪૦૭૨ છે. જે રાજ્યના અન્ય જિલ્લાઓની સરખામણી ખુબ જ નીચું પ્રમાણ જોવા મળે છે.

## સંદર્ભ સૂચિ

Dilip.M.Chaudhari. (25 sep 2018). *http//www.surat.gujarat.in*. www.surat.gujarat.in: htttp//www.surat.gujarat.in

J.c. patel Mahesh gami. (2013). *Tribal Development.* Jaipur-302021: Vista publishers.

ઉપાધ્યાય ચન્દ્રકાંત. (૨૦૧૦). *વન અધિકાર માન્યતા ધારો ૨૦૦૬ અંતર્ગત નામંજુર દાવા અરજીના જાણવાજોગ કારણોની તપાસ- અહેવાલ*. અમદાવાદ : આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિધાપીઠ, અમદાવાદ .

જોષી વિધુત. (૨૦૦૯). *આદિવાસી વિકાસ દર્શન.* અમદાવાદ : આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ગુજરાત વિધાપીઠ .

ઠાકર મિનાક્ષી. (૨૦૦૪). *આદિવાસી વિકાસ અને વન*. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ .

ભૌયે કૈલાસ. (૨૦૧૬). *વન અધિકાર અધિનિયમ- ૨૦૦૬ ની આર્થિક અને પર્યાવરણીય ભુમિકાનું મુલ્યાંકન*. અમદાવાદ : ગુજરાત વિધાપીઠ, .

મસવી મુસ્તાઅલી ઇ. (૧૯૯૧). *આદિવાસીઓની પલટાતી આર્થિક સ્થિતિનો અભ્યાસ*. અમદાવાદ: ગુજરાત વિધાપીઠ .

વાંસિયા યોગેશ. (2013). ગુજરાતના આદિવાસીઓમાં ગરીબીનું પ્રમાણ .જે.સી.પટેલ,મહેશ ગામીત ટ્રાયબલ ડેવલપમેન્ટ (પાના 160) જયપુર – ૩૦૨૦૨૧ : વીસ્તા પબ્લીકેશન.

સ્નેહલ ગાવિત. (2012). આદિવાસી સમાજમાં શિક્ષણની જરૂરિયાત . *રિસન્ટ થોટ*, 37